નવેમ્બર

૧ નવેમ્બર ૧૯૦૯ - અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરપદે કરેલી ઉત્તમ કામગીરી કરી જેમની અટક જ મેયર પડી ગઈ એવા ચીનુભાઈ ચીમનભાઈ મએયારનો જન્મ અમદાવાદમાં થયી હતો. ઈ.સ. ૧૯૫૦માં તેઓ અમદાવાદના મેયર તરીકે પસંદગી પામ્યા હતા. (અવસાન – ૧/૮/૧૯૯૩)

૧ નવેમ્બર ૧૯૧૦ - રંગભૂમિ, ફિલ્મ અને ટીવી કલાકાર જાજરમાન અભિનય કરનાર ઉર્મિલાબેન ભટ્ટનો જન્મ દહેરાદુનમાં થયો હતો. નાટ્યવિદ્યાના વિષયમાં અનુસ્નાતક પદવી મેળવનાર પ્રથમ ભારતીય મહિલા હતા.  તેમણે ૧૦૦ થી વધારે ફિલ્મોમાં કામગીરી કરી હતી. (અવસાન ૨૨/૨/૧૯૯૭)

૨ નવેમ્બર ૧૮૮૯ -  સંસ્કૃત વ્યાકરણ, ન્યાય અને સાહિત્યક્ષેત્રે અધ્યાપન કરનાર પંડિત બેચરદાસ જીવરામભાઈનો જન્મ વલભીપુરમાં થયો હતો. (અવસાન- ૧૧/૧૦/૧૯૮૨)

૨ નવેમ્બર ૧૯૧૪ -  ગુજરાતી નવલકથાકાર મનુભાઈ રાજારામ પંચોળીનો જન્મ વાંકાનેર તાલુકાના પંચાશીયા ગામમાં થયો હતો. તેમનું મૂળ વતન વઢવાણ હતું. તેમનું ઉપનામ ‘ દર્શક’ હતું. તેઓ ઇતિહાસ અને સંસ્કૃતિના ઊંડા અભ્યાસી હતા. તેમણે સુપ્રસિદ્ધ ‘ ઝેર તો પીધા છે જાણી જાણી ભાગ ૧ થી ૩’ છે, આ ઉપરાંત સોક્રેટીસ’, બંધન અને મુક્તિ’ અને કુરૂક્ષેત્ર નવલકથાઓ છે. તેમણે ‘ પરિત્રાણ’ અને ‘ અંતિમ અધ્યાય’  નાટકો પણ આપ્યા છે. (અવસાન- ૨૯/૮/૨૦૦૧)

૪ નવેમ્બર ૧૭૯૯ - જનતાને ઇશ્વરની પ્રાપ્તિનો માર્ગ ચિંધનાર ગુજરાતના મહાન સંત જલારામ બાપાનો જન્મ રાજકોટ પાસે આવેલ વીરપુરમાં થયો હતો. (અવસાન ૨૭/૨/૧૮૮૧ )

૪ નવેમ્બર ૧૯૨૫ - પરદેશી હોવા છતાં ગુજરાતી ભાષાને માતૃભાષા જેવું ગૌરવ બક્ષનાર કાર્લોસ ગોન્ઝાલેઝ વાલેસ (ફાધર વાલેસ) નો જન્મ સ્પેનમાં થયો હતો. તેમનું ‘વ્યક્તિ ઘડતર’ પુસ્તક નોંધપાત્ર છે.

gnanbhandar.com

૫ નવેમ્બર ૧૯૨૦ - ગુજરાત યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્રના અધ્યક્ષ, ગુજરાત વિદ્યાપીઠના શાંતિ સંશોધન કેન્દ્રના નિયામક  દેવવ્રત નાનુભાઈ પાઠકનો જન્મ અમદાવાદ જીલ્લાના ભોલાદમાં થયો હતો. ( અવસાન ૮/૯/૨૦૦૬)

૬ નવેમ્બર ૧૮૮૧ - ગુજરાતી કવિ અરદેશર ફરામજી ખબરદારનો જન્મ ગુજરાતના દમણમાં થયો હતો. તેમણે ‘ અદલ’ અને ‘ મોટાલાલ’ જેવા ઉપનામોથી કાવ્યસર્જન કર્યું. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘ કાવ્ય રસિક’ હતો. ( અવસાન – ૩૦/૭/૧૯૫૩)

૬ નવેમ્બર ૧૯૧૦ -  લોકનૃત્યો, લોકસાહિત્ય અને સંસ્કૃતિના ઊંડા અભ્યાસી જયમલ્લ પ્રાગજીભાઈ પરમારનો જન્મ સૌરાષ્ટ્રના વાંકાનેરમાં થયો હતો.

૭ નવેમ્બર ૧૮૪૯ -  ગુજરાતના મહાન વનસ્પતિશાસ્ત્રી  જયકૃષ્ણ ઇન્દ્રજીનો જન્મ કચ્છના લખતરમાં થયો હતો. (અવસાન -૩/૧૨/૧૯૨૯)

૮ નવેમ્બર ૧૯૦૮ -  આધ્યાત્મિક જ્ઞાની પુરુષ અંબાલાલ મુળજીભાઈ પટેલ ઉર્ફે ‘ દાદા ભગવાન.નો જન્મ તરસાડલા ગામમાં થયો હતો. તેમનું મૂળ વતન ભાદરણ હતું. (અવસાન-૨/૧/૧૯૮૮)

૯ નવેમ્બર ૧૯૪૨ - દિલ્લીમાં ગુજરાતી સાહિત્યની પ્રવૃતિઓ કરનાર વર્ષા મોહનલાલ મહેતાનો જન્મ લુણાવાડા તાલુકાના મોટાપાલ્લામાં થયો હતો.

૧૧ નવેમ્બર ૧૮૬૩ -  ગુજરાતમાં કેળવણી ક્રાંતિ કરનાર વિભૂતિ છગનલાલ પીતાંબરદાસ પટેલ (છગનબાપા)નો જન્મ સરઢવમાં થયો હતો. ‘ આગળ ધસો’ તેમનું પ્રેરક સૂત્ર હતું. ઈ.સ. ૧૯૨૦માં ‘ કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૩૪માં કન્યા કેળવણી માટે ‘ કન્યા કુંજ’ની શરૂઆત કરી. (અવસાન ૨૨/૧૨/૧૯૪૦)

૧૧ નવેમ્બર ૧૮૮૫ -  મજુર વર્ગમાં માતાનું સ્થાન મેળવનાર અનસૂયાબેન સારાભાઈનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમને ઈ.સ. ૧૯૨૦માં મજુર મહાજન સંઘની સ્થાપના કરી અને મજૂરોનો ઉન્નતી માટેના કાર્યો કર્યા હતા. (અવસાન ૧૧/૯/૧૯૭૨)

gnanbhandar.com

૧૧ નવેમ્બર ૧૮૯૯ - પ્રખર ગાંધીવાદી તથા રાષ્ટ્રીય શિક્ષણના પ્રખર હિમાયતી મગનભાઈ પ્રભુભાઈ દેસાઈનો જન્મ તેમના મોસાળ ધર્મજમાં થયો હતો. (અવસાન – ૧/૨/૧૯૬૯)

૧૧ નવેમ્બર ૧૯૧૧ - ગુજરાતી સાહિત્ય વિવેચક , અનુવાદક ચંદ્રકાન્ત હરિપ્રસાદ મહેતાનો જન્મ સુરતના ઓલપાડમાં થયો હતો. (અવસાન- ૨૯/૧૦/૨૦૦૭)

૧૧ નવેમ્બર ૧૯૨૪ - ગુજરાતના પનોતા પુત્ર ઇન્દ્રપ્રસાદ ગોરધનભાઈ પટેલ ( આઈ.જી.પટેલ)નો જન્મ કરમસદમાં થયો હતો. તેઓ ઈ.સ. ૧૯૭૭ થી ૧૯૮૨ સુધી ભારતીય રીઝર્વ બેંકના ગવર્નર તરીકે સેવા આપી હતી. (અવસાન ૧૭/૭/૨૦૦૫)

૧૧ નવેમ્બર ૧૯૩૫ - ગુજરાતી સાહિત્ય વિવેચક અનિરુદ્ધ લાલજીભાઈ બ્રહ્મભટ્ટનો જન્મ પાટણમાં થયો હતો.

૧૧ નવેમ્બર ૧૯૮૨ - ગાંધીપ્રેરિત બુનિયાદી શિક્ષણની અનોખી સંસ્થા ' દક્ષિણામૂર્તિ' સંસ્થાના સ્થાપક નાનાભાઈ કાલિદાસ ભટ્ટનો જન્મ ભાવનગરમાં થયો હતો. (અવસાન – ૩૧/૧૨/૧૯૬૧)

૧૨ નવેમ્બર ૧૮૯૬ – આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પક્ષી વિશારદ સલીમ મોહ્ઝુદ્દીન અબ્દુલ અલીનો જન્મ પંચમહાલ જીલ્લાના સણસોલી ગામમાં થયો હતો. ' ધ હોલ ઓફ એ સ્પેરો' આત્મકથા લખી હતી. (અવસાન- ૨૦/૬/૧૯૮૭)

૧૨ નવેમ્બર ૧૮૯૮ - ગુજરાતી મહિલા મંડળની સ્થાપના કરનાર સરોજિનીબહેન મહેતાનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે હિંદુ સમાજમાં સ્ત્રીઓનો અધમ સ્થિતિ સુધારવા અંગે એમણે લેખો લખ્યા હતા.

૧૩ નવેમ્બર ૧૯૨૨ – ગુજરાતી ભાષાના અગ્રણી ફિલસૂફ કવિ મકરંદ વજેશંકર દવે નો જન્મ ગોંડલમાં થયો હતો. (અવસાન- ૩૧/૧/૨૦૦૫)

૧૩ નવેમ્બર ૧૯૪૩ - નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ ( )ના ચેરપર્સન તથા કુશળ વહીવટકર્તા અમૃતા હીરૂભાઈ પટેલનો જન્મ દિલ્લીમાં થયો હતો.

gnanbhandar.com

૧૪ નવેમ્બર ૧૭૯૯ - 'જણ સેવા એ જ પ્રભુ સેવા' જેમનો જીવનમંત્ર હતો તેવા મહાન સંત જલારામ બાપાનો જન્મ વીરપુરમાં થયો હતો. તેમનું મૂળ નામ શ્રીપ્રધાન ઠક્કર હતું. (અવસાન – ૨૩/૨/૧૮૮૧)

૧૪ નવેમ્બર ૧૯૩૨ - ગુજરાતી સાહિત્ય નવલકથાકાર તથા વાર્તાકાર દિલીપ નાગજીભાઈ રાણપુરાનો જન્મ ધંધુકામાં થયો હતો.

૧૫ નવેમ્બર ૧૮૮૫ - બાળ કેળવણી માટે જીવનભર કાર્ય કરનાર ' બાળકોની મૂછાળી મા' તરીકે ઓળખતા ગીજુભાઈ ભગવાનજી બધેકા નો જન્મ સૌરાષ્ટ્રના વલભીપુરના ચિતળ ગામમાં થયો હતો. તેમણે ઈ.સ. ૧૯૨૦માં ભાવનગરમાં સૌપ્રથમ બાલમંદિરની સ્થાપના કરી હતી. (અવસાન- ૨૫/૬/૧૯૩૦)

૧૫ નવેમ્બર ૧૮૯૨ - ગુજરાતી રંગભૂમિ માટે સૌથી વધારે નાટકો લખનાર પ્રભુલાલ દયારામ દ્વીવેદીનો જન્મ કરાંચીમાં થયો હતો. તેમનું મૂળ વતન વીરપુર હતું. ' વડીલોને વાંકે', 'માલવપતિ', 'એક અબલા', 'સમરકેસરી' તેમની નાત્યકૃતિઓ હતી. (અવસાન ૩૧/૧/૧૯૬૨)

૧૫ નવેમ્બર ૧૯૩૯ - માતર ૨૯ વર્ષનું આયુષ્ય ભોગવનાર ગુજરતી સાહિત્યમાં પોતાની અવિસ્મરણીય સ્મૃતિ આંકી જનાર રાવજી છોટાલાલ પટેલનો જન્મ ખેડા જીલ્લાના વલ્લભપુરા ગામમાં થયો હતો. ' અંગત' તેમનો મરણોત્તર કાવ્યસંગ્રહ હતો. આ ઉપરાંત ' અશ્રુઘર', અને ઝંઝા' તેમની સુપ્રસિદ્ધ કૃતિઓ છે. (અવસાન- ૧૦/૮/૧૯૬૮)

૧૬ નવેમ્બર ૧૯૧૬ - ગુજરાતી નાટ્યકાર અને નવલકથાકાર શિવકુમાર ગિરજાશંકર જોશીનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે માતર ૩૬ વર્ષની વયે ૯૦ પુસ્તકો પ્રસિદ્ધ કર્યા હતા. ' માર્ગ આ પણ છે શૂરાનો', ' જોવી'તી કોતરોને જોવી'તી કંદરા' તેમની કૃતિઓ છે. (અવસાન- ૪/૭/૧૯૮૮)

૧૭ નવેમ્બર ૧૯૦૪ - ' અમાસના તારા' અને ' જીપ્સીને આંખે' જેવા ગુજરાતી પુસ્તકોનું સર્જન કરનાર કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડાનો જન્મ વડોદરામાં થયો હતો. તેમનું ઉપનામ ' જિપ્સી' હતું. તેમણે ' કુમ કુમ' અને શર્વરી' વાર્તાસંગ્રહો આપ્યા છે. (અવસાન ૧/૧૨/૧૯૭૯)

gnanbhandar.com

૧૭ નવેમ્બર ૧૯૨૬ - વ્યવસાયે આંકડાશાસ્ત્રી પણ શોખથી કાર્ટુનકલાની નિયમિત પ્રવૃત્તિ કરનાર ઈન્દ્રદેવ ગાયત્રીપ્રસાદ આચાર્યનો જન્મ ઊંઝામાં થયો હતો. ઈ.સ.૧૯૫૯માં' જનસત્તા' દૈનિકમાં કાર્ટૂન કોલમ ૪૦ વર્ષ સુધી ચલાવેલી, આ ઉપરાંત ' ગુજરાત સમાચાર'માં પણ કાર્ટૂન પ્રગટ કરતાં હતા.

૧૭ નવેમ્બર ૧૯૫૦ - સૌથી વધુ દિવસ ગુજરાતના મુખ્યમંત્રી રહેલા નરેન્દ્રભાઈ દામોદર મોદીનો જન્મ મહેસાણા જીલ્લાના વડનગરમાં થયો હતો. તેઓ ૨૦૦૧માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. ઈ.સ. ૨૦૧૪માં ભારતના પંદરમાં વડાપ્રધાન બન્યા.

૧૮ નવેમ્બર ૧૯૦૯ - ગુજરાતી સમર્થ ગદ્યકાર , સાહિત્યકાર , નાટ્યકાર અને પત્રકાર જયંતીભાઈ ઘેલાભાઈ દલાલનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે ' દેશી નાટક સમાજ' નામની નાટક કંપનીનું સંચાલન કરતાં હતા. ' આભલાનો ટુકડો' ,' યુધ્ધ અને શાંતિ' તેમની કૃતિઓ છે. (અવસાન ૨૫/૮/૧૯૭૦)

૧૯ નવેમ્બર ૧૯૧૪ - હવેલી સંગીતના ઊંડા અભ્યાસી ભગવતીપ્રસાદ ભટ્ટનો જન્મ જામનગરમાં થયો હતો. તેઓ સંગીતપ્રવીણ' અને ' શિક્ષા વિશારદ' બન્યા હતા. (અવસાન ૧૭/૧૨/૧૯૭૭)

૧૯ નવેમ્બર ૧૯૪૩ - લોકસાહિત્યના વિદ્વાન સંશોધક અને સંપાદક ડો. ભગવાનદાસ કુબેરદાસ પટેલનો જન્મ સાબરકાંઠાના જામળામાં થયો હતો. ' રામસીતામાની વાર્તા' અને 'ભીલ લોકમહાકાવ્ય રાઠોર વારતા' તેમના જાણીતા સંશોધન સંપાદનો છે.

૨૦ નવેમ્બર ૧૯૨૬ - ગુજરાતી પત્રકાર તથા નીબ્નાધ્કાર વાડીલાલ જેચંદભાઈ દ્ગ્લીનો જન્મ ધંધુકાના રોજીંદા ગામમાં થયો હતો.' શિયાળાની સવારનો તડકો' (નિબંધસંગ્રહ) અને ' સહજ' કાવ્યસંગ્રહ તેમના પુસ્તકો છે. (અવસાન ૬/૧૨/૧૯૮૫)

૨૦ નવેમ્બર ૧૮૬૮ - ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ કવિ ' કાન્ત' ઉપનામથી જાણીતા થયેલ મણિશંકર રત્નજી ભટ્ટનો જન્મ સૌરાષ્ટ્રના લાઠી ગામમાં થયો હતો. તેમણે ' પૂર્વાલાપ' કાવ્યસંગ્રહ આપ્યો છે.

૨૧ નવેમ્બર ૧૮૯૮ - ગુજરાત વિદ્યાપીઠના પ્રથમ હરોળના સ્નાતક શ્રી રંગઅવધૂતના નામે જાણીતા થયેલ પાંડુરંગ વિઠ્ઠલ ભટ્ટ નો જન્મ પંચમહાલ જીલ્લાના ગોધરામાં થયો હતો.

gnanbhandar.com

તેમણે ઈ.સ. ૧૯૨૫માં નર્મદાકાંઠે નારેશ્વર આશ્રમની સ્થાપના કરી હતી. (અવસાન- ૧૯/૧૧/૧૯૬૮)

૨૩ નવેમ્બર ૧૯૧૭ - ગુજરાતી ભાષામાં મૌલિક વિચાર્વેધક કટાક્ષ અને ધારદાર કલમના સ્વામી બંસીલાલ વર્મા ( ચકોર,કિશોર વકીલ) નો જન્મ તારંગા પાસેના ચોટીયા ગામમાં થયો હતો. તેમણે ' નવસૌરાષ્ટ્ર' વર્તમાનપત્રમાં વ્યંગચિત્રો બનાવવામાં શરૂઆત કરી હતી.

૨૪ નવેમ્બર ૧૮૬૭ – ગાંધીજી આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ રાજચંદ્ર રવજીભાઈ જન્મ સૌરાષ્ટ્રના મોરબી પાસેના વવાણીયા બંદર ખાતે થયો હતો. (અવસાન ૯/૪/૧૯૫૧)

૨૪ નવેમ્બર ૧૯૩૮ - ગુજરાતી સંગીતક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર ગૌરાંગ અવિનાશ વ્યાસનો જન્મ મુંબઈમાં થયો હતો.તેમણે ' જેસલ તોરલ' , લાખો ફુલાની' અને ' પારકી થાપણ' ગુજરાતી ફિલ્મોમાં સંગીત નિર્દેશક આપ્યું હતું.

૨૫ નવેમ્બર ૧૯૦૨ - આકાશવાણી ગુજરાતી કલાકાર કવિ દુલા ભાયા કાગનો જન્મ મહુધા પાસેના મજાદર ગામમાં થયો હતો. ( અવસાન ૨૨/૨/૧૯૭૭)

૨૫ નવેમ્બર ૧૯૨૩ - ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ ગઝલકાર અને ' બેફામ' ઉપનામ ધરાવનાર ગઝલકાર બરકતઅલી ગુલામહુસેન વિરાણીનો જન્મ ભાવનગર પાસે આવેલ ભોજપરા-ધાંધણી ગામમાં થયો હતો. તેમણે ' પ્યાસ', 'ઘટા' અને ' માનસર' ગઝલસંગ્રહ આપ્યા છે.

૨૬ નવેમ્બર ૧૯૨૧ - ભારતમાં શ્વેતક્રાંતિના જનક અને ગુજરાતમાં ડેરી ઉદ્યોગના વિકાસ પ્રણેતા ડો. વર્ગીસ કુરિયનનો જન્મ કેરળના કાલીકટમાં થયો હતો. ગુજરાતમાં ડેરીઉદ્યોગના વિકાસના પ્રણેતા હતા. તેઓ ઈ.સ. ૧૯૬૫માં નેશનલ ડેરી ડેવલપમેન્ટ આણંદના ચેરમેનપદે રહ્યા હતા.

૨૬ નવેમ્બર ૧૯૨૪ - ભારતીય ક્રિકેટરના સુપ્રસિદ્ધ અઓફ સ્પીનર જશુભાઈ મો. પટેલનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમની ઈ.સ. ૧૯૫૯ની ઓસ્ટ્રેલિયા સામુની કાનપુર ગ્રીનપાર્ક સ્ટેડીયમમાં રમાયેલ ટેસ્ટ માટે પસંદગી થઇ હતી. પ્રથમ દાવમાં ૬૯

gharbhandar.com

રનમાં નવ વિકેટ અને બીજા દાવમાં ૫૫ રનમાં ૫ વિકેટ ઝડપી હતી. (અવસાન ૧૨/૧૨/૧૯૯૨)

૨૬ નવેમ્બર ૧૯૨૮ - ગુજરાતી હાસ્ય સાહિત્ય બકુલ પદ્મમણિશંકર ત્રિપાઠીનો જન્મ નડિયાદમાં થયો હતો. તેઓ પ્રથમ હરોળના હાસ્ય સર્જક હતા. ' સોમવારની સવારે', ' ગોવિંદ માંડી ગોઠડી', અને 'સચરાચર' તેમના હાસ્ય નિબંધો છે. (અવસાન-૩૧/૮/૨૦૦૬)

૨૭ નવેમ્બર ૧૯૪૦ - ગુજરાતી કવિ રમેશભાઈ મોહનલાલ પારેખનો જન્મ અમરેલીમાં થયો હતો. તેમણે ' ક્યાં', 'ત્વ', 'ખડિંગ', 'સનનન,' ખમ્મા આલા બાપુ' અને ' છ અક્ષરનું નામ' તેમના કાવ્યસંગ્રહો છે. (અવસાન- ૧૭/૫/૨૦૦૬)

૨૬ નવેમ્બર ૧૯૩૮ - ગાંધી સાહિત્યનું પ્રકાશન કરનાર ' નવજીવન ટ્રસ્ટ'ના મેનેજીંગ ટ્રસ્ટી જીતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈનો જન્મ નવસારીમાં થયો હતો.

૨૭ નવેમ્બર ૧૯૨૮ - ગુજરાતી હાસ્યરસના ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કરનાર બકુલ પદ્મમણિશંકર ત્રિપાઠીનો જન્મ નડિયાદમાં થયો હતો.' ગુજરાત સમાચાર'માં કક્કો અને બારાખડી' અને સોમવારની સવાર' કોલમના કટાર લેખક હતા. ' સચરાચર', 'વૈકુંઠ નથી જાવું' અને 'સોમવારની સવાર' તેમની કૃતિઓ છે. (અવસાન ૩૧/૮/૨૦૦૬)

૨૭ નવેમ્બર ૧૮૮૮ - સ્વતંત્ર ભારતની લોકસભાના પ્રથમ સ્પીકર દાદાસાહેબ માવલંકરનો જન્મ વડોદરામાં થયો હતો. (અવસાન- ૨૭/૨/૧૯૫૬)

૨૭ નવેમ્બર ૧૯૪૦ - ગુજરાતી ઊર્મિકાવ્ય લખનાર રમેશભાઈ મોહનલાલ પારેખનો જન્મ અમરેલીમાં થયો હતો. તેમણે ' છ અક્ષરનું નામ', ' ક્યાં', 'ત્વ', ' સનનન' કાવ્યસંગ્રહો છે. (અવસાન- ૧૭/૫/૨૦૦૬)

૨૮ નવેમ્બર ૧૯૦૧ - ગુજરાતી કવિ, વાર્તાકાર, અને નિબંધકાર કરસનદાસ નરસિંહદાસ માણેકનો જન્મ કરાંચીમાં થયો હતો.ઈ.સ. ૧૯૪૮માં જન્મભૂમિ ટ્રસ્ટના ' નૂતન ગુજરાત'ના તંત્રી થયા. ત્યારપછી ઈ.સ. ૧૯૫૧માં ' સારથી' સાપ્તાહિક અને ' નચિકેતા' માસિકની શરૂઆત કરી હતી.(અવસાન- ૧૮/૧/૧૯૭૮)

gnanbhandar.com

૨૮ નવેમ્બર ૧૯૦૬ - સી.એન.વિદ્યાવિહાર શૈક્ષણિક સંકુલણી સ્થાપના કરનાર સમાજસેવિકા ઇન્દુમતીબેન શેઠનો જન્મ અમદાવદમાં થયો હતો. ઈ.સ. ૧૯૨૬માં સી.એન.વિદ્યાવિહારની સ્થાપના કરી હતી. (અવસાન- ૧૧/૩/૧૯૮૫)

૨૯ નવેમ્બર ૧૮૬૦ – રચનાત્મક પ્રવૃત્તિઓના પિતામહ આજીવન સેવક અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર (ઠક્કરબાપા)નો જન્મ ભાવનગરમાં થયો હતો.તેમણે ‘ ભીલ સેવા મંડળ’ના માધ્યમથી સમાજના દલિત અને આદિવાસી પ્રજાના ઉત્કર્ષ માટે સતત સંઘર્ષ કર્યો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ તેમણે ‘ સેવાના સાગર’ ખયા હતા. (અવસાન- ૧૯૫૧)

gnanbhandar.com